શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ
સ્થાપના ઈ.સ. 1999

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજનું મુખપત્ર
RNI No. GUJGUJ/2002/7890

GLOBAL DISHAWAL FAMILY
શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ પ્રેરિત
वसुधैव दिशावाल कुटुम्बकम

# દિશાવાળ સૌરભ

GROWING TOGETHER

ટ્રસ્ટ રજી નં.: A/3567
RNI NO.: GUJGUJ/2002/7890

"રસિકલાલ રંગવાલા સદન" - ૫, પહેલો માળ, વાલ્મિક કોમ્પ્લેક્સ, કાલુપુર બેંકની સામે પરિમલ ગાર્ડન, અમદાવાદ-૩૮૦૦૦૬.
website : www.ads-online.in | Email : dishawalsaurabh@yahoo.com | Mob.: +91 95123 40532

★ સ્થાપના વર્ષ: ૧૯૯૯ ★ વર્ષ: ૨૦૨૪ ★ અંક: ૧ ★ સળંગ અંક: ૨૧૯ ★ એપ્રિલ ૨૦૨૪ ★ કિંમત: ₹૩.૦૦

## મહાસ્નેહમિલન અને આનંદોત્સવ વિશેષાંક : તારીખ ૭ જાન્યુઆરી, ૨૦૨૪



**સમાજના હોદ્દેદારશ્રી**

દેવાંગ પી. દેસાઇ - પ્રમુખ
(M) : 9409230043
દેવાંગ કે. શાહ - ઉપપ્રમુખ
(M) : 9898191200
અશોકભાઇ બી. શાહ - ઉપપ્રમુખ
(M) : 9824011050
દીપક સી. શાહ - મંત્રી
(M) : 9898078379
જીગ્નેશ એ. ભગત - સહમંત્રી
(M) : 9824019569
શ્વેતલ એન. શાહ - સહમંત્રી
(M) : 9825063439
મિતેષ એમ. શાહ - ખજાનચી
(M) : 9879010547

**ટ્રસ્ટી શ્રી**

જગદીશ ભાઇ શાહ
(M) : 9925104088
પ્રમોદભાઇ આર. શાહ
(M) : 8401737072
કિરીટભાઇ કે. શાહ
(M) : 9824032835
અશ્વિનભાઇ કે. પરીખ
(M) : 9824082007
સૌરીન જે. પરીખ
(M) : 9099977555

**મહિલા પાંખ હોદ્દેદારો**

સરલાબેન એ. શાહ - ચેર પર્સન
(M) : 9328210543
દક્ષાબેન એન. શાહ - પ્રમુખ
(M) : 9426424555
નીનાબેન જી. શાહ - ઉપપ્રમુખ
(M) : 9558249987
વીરલબેન આર. શાહ - મંત્રી
(M) : 9106875584
રેશમાબેન એચ. શાહ - સહમંત્રી
(M) : 9227236446
બીજલબેન જે. ભગત - ખજાનચી
(M) : 9723819569

**સંપાદકીય કમિટી**

સમાજના પ્રમુખશ્રી / મંત્રીશ્રી
હર્ષદ જે. શાહ - તંત્રી
(M) : 9327057349
ભરત એન. શાહ - સહતંત્રી
(M) : 9426404209
સુનીલ બી. શાહ - સહતંત્રી
(M) : 9376168924
રૂપલ કે. શાહ - સહતંત્રી
(M) : 9924132212

ધીરન બી. પરીખ - કાનુની સલાહકાર
(M) : 9426265355

# પ્રમુખ સ્થાનેથી...



મિત્રો, નમસ્તે...

તારીખ ૭ જાન્યુઆરી, ૨૦૨૪. એક અવિસ્મરણીય સંભારણું..

**સમગ્ર દિશાવળ પરિવારોનું મહા સ્નેહમિલન અને આનંદોત્સવ..**

અદ્દભુત..અદ્દભુત..અતિ અદ્દભુત..

દિશાવાળ સમાજના 35 વર્ષના ઈતિહાસમાં સૌપ્રથમ વખત, સમગ્ર દિશાવાળ પરિવારોને એક છત્ર નીચે ભેગા કરીને મહા સ્નેહમિલન અને આનંદોત્સવનો ભવ્ય કાર્યક્રમ, તારીખ ૭ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ યોજાઈ ગયો, જેના આપણે સૌ સાક્ષી છીએ. લગભગ **૩૮૦૦** થી પણ વધુ દિશાવાળ ભાઈ બહેનો, અમદાવાદ ઉપરાંત, પાટણ, પેટલાદ, ડાકોર, નવાગામ, નડિયાદ, વડોદરા, પાલનપુર, મહેસાણા, વગેરે અનેક જગ્યાઓએથી ઉત્સાહભેર ઊમટી પડ્યાં હતાં. બસમાં અથવા પોતાના વાહનમાં આટલી બહોળી સંખ્યામાં આવી પહોંચેલા દિશાવાળ પરિવારોએ અવસરને જે રીતે વધાવી લીધો, એ અદ્દભુત નજારો જોવા જેવો હતો.

સાંજના ૪.00 વાગ્યાથી શરૂ થયેલો આ મહા સ્નેહમિલનનો કાર્યક્રમ અનેક વિવિધતાથી ભરપૂર હતો. **શ્રીજી પ્રભુનો કલાત્મક મનોરથ, બ્લડ ડોનેશન કેમ્પ, દિશાવળ યુવાનોનાં સ્ટોલ્સ, બાળકો માટેની રમતો** તેમજ ડેકોરેશનથી શોભતો અમદાવાદનો નિર્વાણા પાર્ટી પ્લોટ..એમ સમગ્ર વાતાવરણ અદ્દભુત હતું.

દિશાવાળ ગૌરવ ગાથાની શોર્ટ ફિલ્મથી કાર્યક્રમની શરૂઆત થઈ. મંચ પર ઉપસ્થિત દિશાવાળ ઘટકોના પ્રમુખો અને અમદાવાદ તેમજ મુંબઈ દિશાવાળ સમાજનાં હોદ્દેદારોએ, હાર્દિક શુભકામનાઓ સાથે આ અદ્દભુત કાર્યક્રમને બિરદાવ્યો. ત્યારબાદ શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ અને ગ્લોબલ દિશાવાળ ફેમિલીના લોગોનું ભવ્ય લોન્ચિંગ કરવામાં આવ્યું. દિશાવળ સમાજના યુવા સાહસિકોએ સ્ટેજ પરથી પોતાનાં સાહસ અને સફળતાની રજૂઆત કરી, જેને સૌએ ખૂબ બિરદાવી.

સાંજે યમુનાજીની મહાઆરતી પછી ભોજન સમારંભમાં સૌએ ભાગ લીધો અને સાથે સાથે સમાજનાં જ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને ફિલ્મી ગીતો રજૂ કરવામાં આવ્યાં. રાત્રે ૧૦.30 વાગે આ ભવ્ય કાર્યક્રમ પૂરો થયો.આ અપ્રતિમ સફળતા માટે હું તમામ દિશાવાળ ઘટકોના હોદ્દેદારો, અમદાવાદ અને મુંબઈ સમાજના હોદ્દેદારો, દિશાવાળ સંઘનાં ટ્રસ્ટીઓ અને કાર્યકરોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. **૭મી જાન્યુઆરીના દિવસને 'દિશાવાળ ગૌરવ દિવસ' તરીકે જાહેર કરતા હું ગર્વ અનુભવું છું.** આ દિવસ દિશાવળ સમાજના ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાશે.

આભાર. જયશ્રીકૃષ્ણ.

# 7 જાન્યુઆરી, 2024 મહા સ્નેહમિલન અને આનંદોત્સવ સમારંભ






દીપ પ્રાગટ્ય કરતા
હોદ્દારો-મહાનુભાવો-જ્ઞાતિ ઘટક પ્રમુખશ્રીઓ



મુબઈ દિશાવાળ સમાજ દ્વારા પ્રમુખશ્રી દેવાંગભાઈ
તથા કન્વીનરશ્રી સૌરીનભાઈનુ સન્માન



સ્વાગત પ્રવચન થકી જ્ઞાતિજનોને
આવકારતા પ્રમુખશ્રી દેવાંગભાઈ દેસાઈ



સમારંભને આશિર્વચન પાઠવતા
શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ ના
ટ્રસ્ટીશ્રી અને મહાસ્નેહ મિલનના કન્વીનરશ્રી
"દિશાવાળ રત્ન" શ્રી સૌરીનભાઈ પરીખ



સમારંભને શુભેચ્છા પાઠવતા શ્રી અમદાવાદ
દિશાવાળ સમાજના મહિલાપાંખ
પ્રમુખ શ્રીમતિ દક્ષાબેન શાહ



સમારંભને આશિર્વચન પાઠવતા શ્રી
અમદાવાદ દિશાવાળ સમાજ ના ટ્રસ્ટીશ્રી
અને સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારના
પ્રમુખ શ્રી કિરીટભાઈ શાહ



શુભેચ્છા સંદેશ પાઠવતા શ્રી સિધ્ધાંબિકા
દિશાવાળ સંઘ પ્રમુખ " દિશાવાળ ગૌરવ"
શ્રી શૈલેષભાઈ શાહ



શુભેચ્છા સંદેશ પાઠવતા
શ્રી મુબઈ દિશાવાળ સમાજના
પ્રમુખ શ્રીમતી પારુલબેન શાહ



સમાજની પાંચ સહાયકારી યોજનાની
સમજ આપતા યોજના કન્વીનર
શ્રી સિધ્ધાર્થભાઈ શાહ



સમાજના નેટવર્કીંગ ફોરમની
સમજ આપતા નેટવર્કીંગ ફોરમ કન્વીનર
શ્રી પરાગભાઈ શાહ



યુથવીંગની ભાવી પ્રવૃત્તિઓની
સમજ આપતા સમાજની યુથવીંગના
પ્રમુખ શ્રી ચિંતનભાઈ શાહ



આભારવિધિની રસમ નિભાવી
રહેલ સમાજના મંત્રીશ્રી દીપકભાઈ શાહ



શુભેચ્છા પાઠવતા સમાજના
ઉપપ્રમુખ શ્રી દેવાંગભાઈ શાહ



સ્ટેજ સંચાલન કરી રહેલ સમાજના
સહમંત્રીશ્રી શ્રેતલભાઈ શાહ

## સમાજની સંલગ્ન જ્ઞાતિઓના પ્રમુખશ્રીઓ દ્વારા આશીર્વચન















સમાજની લેડીઝ વિંગ કમિટી




સમાજની યુથવિંગ ટીમના સભ્યો







મહાઆરતી ઉતારતા જ્ઞાતિજનો

કુળદેવી શ્રી સિદ્ધામ્બિકા માતાજીના આશીર્વાદ અને શ્રીજીબાવાની પરમ કૃપાથી તારીખ 07 જાન્યુઆરી, ૨૦૨૪ નો દિવસ, સમગ્ર દિશાવાળ પરિવારો માટે એક ,અવિસ્મરણીય સંભારણું બની રહ્યો.

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા, સમગ્ર દિશાવાળ પરિવારોને એક મંચ ઉપર લાવવાના, શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના સ્થાપક પ્રમુખ શ્રી રસીકલાલ રંગવાળા, શ્રી સિધ્ધામ્બિકા દિશાવાળ સંઘના પૂર્વ ચેરમેન દિશાવાળ રત્ન શ્રી સુરેન્દ્રભાઈ એન. પરીખ તથા પૂર્વ પ્રમુખ, દિશાવાળ રત્ન શ્રી નાથાલાલ જે. શાહ ના દીર્ઘકાલીન સ્વપ્નને સાકાર કરવા માટે મહા-સ્નેહમિલન અને આનંદોત્સવનો ભવ્ય સમારંભ, નિર્વાણા પાર્ટી પ્લૉટ, અમદાવાદ ખાતે યોજાઈ ગયો. 35 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત સમગ્ર દિશાવાળ પરિવારોના આવા સંમેલનનું ખૂબ જ સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું. મહિનાઓની સતત પૂર્વાયોજન મીટીંગોમાં વિચારોનાં આદાન પ્રદાનના અંતે, સમારંભમાં ભાગ લેવા આગોતરી જાણ કરવા માટે કાર્યક્રમની રૂપરેખા સાથેનો એક સરસ 'save the date' મૅસેજ દરેક ઘટકના ગૃપમાં મૂકવામાં આવ્યો. ખૂબ જ બહોળો પ્રતિસાદ મળ્યો. સાથે સાથે કાર્યક્રમ નો હેતુ તથા ભાગ લેવા માટેની વિગતવાર માહિતીને આવરી લઈને ફ્લાયર, ફોલ્ડર, સ્પૉન્સરશીપ લેટર, વગેરે પણ સંબંધિત જગ્યાએ પહોંચતા કરવામાં આવ્યાં, વિવિધ ગૃપમાં પણ ફૉરવર્ડ કરવામાં આવ્યાં. કાર્યક્રમનાં પાસનું વિતરણ શરૂ કરવામાં આવ્યું. દરેક દિશાવાળ ઘટકના પ્રમુખશ્રી એ તથા તેમના હોદ્દેદારોએ આ માટે ખૂબ જ જહેમત ઉઠાવી, જવાબદારી નિભાવી. એક હકારાત્મક અભિગમ સાથે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત દિશાવાળ પરિવારોએ આનંદ અને ઉત્સાહથી કાર્યક્રમને વધાવી લીધો. સુંદર સુશોભન, સગવડભરી વ્યવસ્થા તથા હોદ્દેદારોની સુઆયોજિત કામગીરીને કારણે, સમારંભ સર્વથા લોકભોગ્ય બની રહ્યો.

દિશાવાળ સમાજનાં લગભગ તમામ ઘટકોનાં પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા હોદ્દેદારો તેમજ તમામ જ્ઞાતિજનો આ સમારંભમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાયા. તેમની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિએ સમારંભની શોભામાં અભિવૃદ્ધિ કરી.

નિમંત્રણને માન આપીને અવસરને દીપાવવા, વ્યસ્ત સમયપત્રક હોવા છતાં મુંબઈ દિશાવાળ સમાજમાંથી પધારેલા મહેમાનો પ્રમુખ શ્રીમતિ પારુલબેન, ઉપપ્રમુખ શ્રી વિજયભાઈ, મંત્રીશ્રી ભરતભાઈ તથા શ્રી અનુપભાઈની હાજરીથી વિશેષ પ્રોત્સાહન મળ્યું.

આ અવસર નિમિત્તે શ્રીજી પ્રભુના ભવ્ય મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર વાતાવરણમાં પુષ્ટિમય આધ્યાત્મિકતાની પવિત્ર અનુભૂતિ થઈ રહી હતી. છપ્પન ભોગ મનોરથનું અતિ નયનરમ્ય સુશોભન, શ્રીજી પ્રભુનું મનમોહક સ્વરૂપ અને વસ્ત્રાલંકાર ની અદભૂત સજાવટ થકી સમારંભનુ પરિસર અદમ્ય આકર્ષણથી શોભી રહ્યું. વિશેષ તો શ્રી અમદાવાદ દિશાવાળ સમાજની લેડીઝ વિંગની બહેનોએ પ્રમુખ શ્રીમતી દક્ષાબેન શાહ ના માર્ગદર્શનમાં આ તમામ તૈયારી કરવામાં ઉલ્લાસભેર ભાગ લીધો. શ્રીજી પ્રસાદ પણ સ્વેચ્છાએ(ઘરે તૈયાર કરેલ) ન્યોછાવર કરી બહેનોએ ભક્તિ લાભનો લ્હાવો લીધો. દિશાવાળ પરિવારોએ આ અદભૂત દર્શન કરીને ધન્યતા અનુભવી.

આગમનની સાથે જ સૌએ ચા-કૉફી- અલ્પાહારનો આનંદ લેવાની સાથે વિવિધ પ્રવૃતિઓની જાણકારી મેળવી.





સમાજના જ યુવા સાહસિકો દ્વારા ઊભાં કરાયેલાં સ્ટૉલ્સે અનોખું આકર્ષણ જમાવ્યું. મર્યાદિત સંખ્યામાં રાખવામાં આવેલાં સ્ટૉલ્સનું વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ કરવામાં આવ્યું હતું, જે તરત જ પેક થઈ ગયું હતું. ખાસ નોંધપાત્ર વાત તો એ બની, કે મોટી સંખ્યામાં લોકોએ આ સ્ટૉલ્સની મુલાકાત લઈ, રજૂ કરાયેલાં ઉત્પાદન / સેવાઓ અંગે રસપૂર્વક જાણકારી મેળવી, એટલું જ નહીં, ઑર્ડર પણ બુક કરાવ્યા. આપણા જ યુવા સાહસિકો માટે આ એક નવું પ્લેટફોર્મ સાબિત થયું.

'રક્તદાન, મહાદાન' ના સૂત્રને યથાર્થ ઠરાવતા, આ અવસરે રેડક્રોસના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નોંધપાત્ર સંખ્યામાં સભ્યોએ રક્તદાન કર્યું. શ્રી સિધ્ધાર્થ ભાઈ શાહ ના માર્ગદર્શનમાં આ ઉદાત્ત હેતુ સફળતા પૂર્વક સિધ્ધ થયો.




મુખ્ય કાર્યક્રમની શરૂઆત પહેલાં, બાળકો માટેની વિવિધ ગેમ્સ તથા મનોરંજન કાર્યક્રમને ઉપસ્થિત વિશાળ મેદની અને બાળકોએ મન ભરીને માણ્યાં. ગેમ્સ હતી તો બાળકો માટેની, પણ મોટેરાએ પણ એનો અઢળક આનંદ લીધો. જુદા જુદા મીડિયા પ્રતિનિધિઓએ આ બધી જ પ્રવૃત્તિઓનું પોતપોતાની ન્યુઝ ચેનલ અથવા પ્રિન્ટ મીડિયા માટે સવિસ્તાર કવરેજ કર્યું.



મુખ્ય કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાના મંગલ સ્વરથી કરવામાં આવી. શરુઆતમાં માનભેર રાષ્ટ્રગીતનું ગાન અને ત્યારબાદ સમાજના હોદ્દેદારો, મહાનુભાવો, તમામ જ્ઞાતિઘટક પ્રમુખો દ્વારા મંગલદીપનું પ્રાગટ્ય કરી સમારંભનો શુભારંભ કરવામાં આવ્યો. 3800થી વધુ દિશાવાળ સભ્યોની ઉપસ્થિતિમાં શરૂ થયેલા આ ભવ્યાતિભવ્ય સમારોહના આરંભમાં, શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના પ્રમુખ શ્રી દેવાંગભાઈ દેસાઈએ સ્વાગત પ્રવચન સાથે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સૌનું હૃદયપૂર્વક અભિવાદન કર્યું. તેમણે પ્રસંગની સંક્ષિપ્ત માહિતી પણ આપી. એ પછી શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા સમાજની શરુઆતથી અત્યાર સુધીની પ્રવૃતિઓને વાચા આપતી 'દિશાવાળ ગૌરવગાથા' શૉર્ટ ફિલ્મ શ્રી શ્વેતલભાઈ દ્વારા રજૂ કરવામાં આવી.



દિશાવાળ સમાજના તમામ ઘટકોનાં મંચસ્થ પ્રમુખશ્રીઓએ આ પ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ પાઠવતાં, ભવિષ્યમાં આવાં કાર્યક્રમો માટે તન, મન, ધનથી સાથ સહકાર આપવા પ્રતિબધ્ધતા વ્યકત કરી અને શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ આયોજીત આ મહા સ્નેહમિલનની સરાહના કરી હતી.















શંખનાદ નિષ્ણાત શ્રી સમીરભાઈ પંડ્યા દ્વારા ગગનભેદી શંખનાદ સાથે દિશાવાળ એકતાનું આહવાન કરવામાં આવ્યું.

આ પ્રસંગે, શ્રી અમદાવાદ દિશાવાળ સમાજનો લોગો તથા સમસ્ત વિશ્વનાં દિશાવાળ પરિવારોને એક છત્ર હેઠળ આવરી લેતા 'ગ્લોબલ દિશાવાળ ફેમિલી' ના લોગોનુ સમાજના પ્રમુખ શ્રી દેવાંગભાઈ દેસાઈ દ્વારા વિધિવત લૉન્ચિંગ કરવામાં આવ્યું. દિશાવાળ સમાજ માટે એક અતૂટ કડી સમાન આ વૈશ્વિક કોન્સેપ્ટ નિઃશંક રીતે ઉદાહરણ રૂપ સાબિત થશે એવી આશા સાથે પ્રમુખશ્રી દેવાંગભાઈએ શક્ય તમામ પ્રયત્નો માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.




ત્યારબાદ મહાસ્નેહમિલન-આનંદોત્સવના કન્વીનરશ્રી દિશાવાળ રત્ન શ્રી સૌરીનભાઈ પરીખે સૌને હર્ષભેર આવકાર્યા અને બહોળી સંખ્યામાં હાજર રહી સમારંભને સફળતા આપવા સૌને અભિનંદન પાઠવ્યા. શ્રી સૌરીનભાઈએ સ્વપ્નને સાકાર કરતા " ગ્લોબલ દિશાવાળ ફેમીલી" ની વિધીવત જાહેરાત કરી. અને વિશ્વભરના તમામ દિશાવાળ ભાઈબહેનોને ગ્લોબલ દિશાવાળ ફેમીલીના નિઃશુલ્ક સભ્ય બનવા અપીલ કરી હતી. તેમણે ભવિષ્યની યોજનાઓ, ગ્લોબલ કરવાની જરુરીયાત, તેના માપદંડો અને તેના થકી છેવાડાના દિશાવાળ સુધી પહોચવાની કટીબધ્ધતા દર્શાવી હતી. બહોળી સંખ્યામાં ઉપસ્થિત દિશાવાળ ભાઈ-બહેનોએ આ પળને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.



દિશાવાળ પરિવારોનાં હિતાર્થે મેડીકલ સહાય, શિક્ષણ સહાય, મહિલા આત્મનિર્ભર પ્રોત્સાહન, વડીલ વંદના તથા આર્થિક સહાય જેવી પાંચ યોજનાઓનું કન્વીનર શ્રી સિધ્ધાર્થભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.તેમણે આ માટે સૌના સાથ સહકારની અપીલ સાથે ભાવિ સફળતા બાબતે વિશ્વાસ વ્યક્ત કર્યો. શ્રી સિધ્ધાર્થભાઈએ યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપતાં, યોજનાઓની રૂપરેખા, કોને કેવી રીતે કેટલો લાભ મળી શકે, એની સ્પષ્ટતા સાથે એક સરસ પ્રેઝન્ટેશન રજૂ કરીને માહિતી આપી.











## લોગો લોંચિંગ



સમારંભનું વિશેષ આકર્ષણ બની રહ્યું, ADS NETWORKING FORUM નાં સભ્યોએ મંચ પરથી રજૂ કરેલી તેમની સક્સેસ સ્ટોરી... નેટવર્કીંગ ફોરમના કન્વીનર શ્રી પરાગભાઈ શાહ તથા યુથવીંગ પ્રમુખ શ્રી ચિંતનભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ADS NETWORKING FORUM ટીમનાં સભ્યોએ ઉદ્યોગ સાહસિકો માટેની વિશાળ તકો અને પોતાના અનુભવો શેર કર્યાં. દરેક યુવા સાહસિકોની સ્ટોરી અન્યો માટે એક પ્રેરણાસ્ત્રોત બની રહી. એક નાનકડા બીજમાંથી વટવૃક્ષ કેવી રીતે બની શકાય એની યાત્રા સૌએ પોતપોતાની રીતે રજૂ કરી. મર્યાદિત સમયમાં ખૂબ આત્મવિશ્વાસ પૂર્વક બધાંએ વ્યક્તિગત અનુભવો શેર કર્યાં, જે ઘણાં લોકો માટે દીવાદાંડી સમાન બની રહ્યાં. 'Make In India' અને 'આત્મનિર્ભર ભારત' ના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના ફ્લેગશીપ પ્રોગ્રામને પરિણામલક્ષી બનાવવા માટે શ્રી પરાગભાઈ તથા શ્રી ચિંતનભાઈ સતત કાર્યશીલ રહેલ. ગ્લોબલ દિશાવાળ ફેમિલીની આ પહેલ એક વિશેષ યોગદાન બની રહેશે.



અર્થ શાહના કુશળ માર્ગદર્શન તેમજ મહિલાપાંખ પ્રમુખ દક્ષાબેનના નેજા હેઠળ તથા નીનાબેનના સહકાર થી યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌને સરસ મઝાનું મનોરંજન માણવાનો લ્હાવો મળ્યો. દિશાવાળ સમાજનાં જ સભ્યો દ્વારા શિવ સ્તુતિ, વિષ્ણુ સ્તુતિ, ગણેશ વંદના, શાસ્ત્રીય નૃત્યો, લોકનૃત્ય , સંગીત અને અન્ય પરફોર્મન્સનો સૌએ આનંદ લીધો.

સામાજીક ઉત્થાનના ઉદાત્ત હેતુ સાથે યોજાયેલા આ મહા સંમેલનનું, શ્રી યમુનાજીની મહા આરતી સાથે સમાપન થયું. વિશાળ સંખ્યામાં દિશાવાળ ભાઈ બહેનોએ હાથમાં દીવા સાથે ભાવવિભોર બની શ્યામ સુંદર શ્રી યમુનાજી મહારાણી મા ની આરતી કરી. અગિયારસની એ પરમ પવિત્ર રાત્રિનું આરતી દ્રશ્ય, સૌને માટે એક સુખદ, દૈવી સંભારણું બની રહેશે.



તારીખ ૭ જાન્યુઆરીને 'દિશાવાળ ગૌરવ દિવસ' તરીકે જાહેર કરતા, પ્રમુખ શ્રી દેવાંગભાઈ દેસાઈએ આ મહા આયોજનને એક માઈલસ્ટોન સમાન ગણાવી, રાષ્ટ્રના વિકાસમાં દિશાવાળ સમાજનું સદાય યોગદાન આપવાની વચનબદ્ધતા વ્યક્ત કરી.







મંત્રીશ્રી દીપકભાઈ શાહે પોતાની અનોખી શૈલીમાં તમામ આમંત્રિતો,મહાનુભાવો, હોદેદારશ્રી,ટ્રસ્ટીશ્રી, કાર્યકરો, તમામ જ્ઞાતિ ઘટકના હોદેદારો , મહિલાપાંખની બહેનો તથા સહકાર આપનાર તમામનો દિલથી આભાર માન્યો હતો અને નતમસ્તકે તેઓના સેવા-સહકારને બિરદાવ્યા હતા.

સમારંભના અંતે સૌએ સરસ મઝાના સ્વાદિષ્ટ ભોજનનો (બાસુંદી, પુરી, ઊંધિયું, લીલવાની કચોરી..) આનંદ લીધો. બપોરે ૦૪.૦૦ વાગ્યાથી શરૂ થયેલો સમારંભ રાત્રિ ભોજન સાથે પૂરો થયો ત્યાં સુધીનો સમય ક્યાં પસાર થઈ ગયો એ ખબર જ ના પડી. આ સુંદર, સફળ સંમેલન માટે શ્રી અમદાવાદ દિશાવાળ સમાજને ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા અમદાવાદના માનનીય મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન તરફથી ખાસ શુભેચ્છા સંદેશ મળ્યા હતા, જે કાર્યક્રમ દરમિયાન વાંચી સંભળાવવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમના આયોજન માટે ત્રણ મહિનાથી વધુ સમયથી સતત કાર્યરત પ્રમુખશ્રી દેવાંગભાઈ દેસાઈ, કન્વીનરશ્રી સૌરીનભાઈ પરીખ, મંત્રીશ્રી દીપકભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી દેવાંગભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી અશોકભાઈ શાહ, મહિલાપાંખ પ્રમુખ દક્ષાબેન શાહ, સહાયકારી યોજના કન્વીનરશ્રી સિધ્ધાર્થભાઈ શાહ, ખજાનચી શ્રી મિતેશભાઈ શાહ, સહમંત્રીશ્રી જીજ્ઞેશભાઈ ભગત, સહમંત્રીશ્રી શ્વેતલભાઈ શાહ, નેટવર્કીંગ ફોરમ કન્વીનરશ્રી પરાગભાઈ શાહ તથા યુથવીંગ પ્રમુખશ્રી ચિંતનભાઈ શાહના તેમજ મીડીયા કન્વીનર નીનાબેન શાહ તથા તમામ જ્ઞાતિ ઘટકના હોદેદારશ્રી- કાર્યકરશ્રીઓના અથાગ પ્રયત્નોથી સમારંભ ખૂબ જ સફળ બની રહ્યો.

**સંકલન**

**નીનાબેન શાહ** **દીપકભાઈ શાહ**

**મીડીયા કન્વીનર** **મંત્રીશ્રી**

aquatics™
Complete Water Solutions





xylem
Let's Solve Water

AO Smith
Innovation has a name.

+91 79-26651002 / 26651003 | support@aquaticsindia.com | www.aquaticsindia.com

SPORT UTILITY VEHICLES

mahindra Rise

## મહિન્દ્રાની પર્સનલ અને કોમર્શિયલ ગાડીઓ પર
# આકર્ષક ઓફર્સ અને ફાયદા.

**આપની કોઈપણ જુની ગાડી લઈને આવો અને નવી મહિન્દ્રા લઈ જાઓ.**



XUV300 SET THE ROADS ON FIRE | XUV700 | THE ALL-NEW THAR



ALL-ELECTRIC XUV400 | BOLERO neo | The New SCORPIO CLASSIC | SCORPIO N | BOLERO



SUPRO PROFIT TRUCK | BOLERO CAMPER GOLD VX | BOLERO MaXX PIK-UP | BOLERO PIK-UP | CNG SUPRO PROFIT TRUCK

| એક્સચેન્જ સુવિધા* | આકર્ષક ફાઈનાન્સ* | ઓછામાં ઓછો EMI* | જુની ગાડીનું સ્થળ પર જ ફ્રી મૂલ્યાંકન* | ઝડપી લોન* પ્રક્રિયા |
|---|---|---|---|---|

with you hamesha 1800-209-6006 | xmart by mahindra SMART BUY. SMART EXCHANGE. | Mahindra Subscription Operated by revv SELF-DRIVE CARS www.mahindrasyouv.com/mahindra-subscription

*નિયમો અને શરતો લાગુ. ક્રેડિટ અને લોન્સની પાત્રતા, પ્રાઈવેટ ફાઈનાન્સર્સ પર નિર્ભર છે.

# SHRIJEE MOTOCORP LLP

**મહેસાણા : 99789 84711 • પાટણ : 99789 84701**

SINCE 2004
18 YEARS OF TRUTH & TRUST

Shree Kanha




**Shree Kanha Stock-Broking Pvt. Ltd. is a well reputed stock broking firm situated in Ahmedabad since 18 years. We are members with NSE, BSE and CDSL ( National Stock Exchange of India Ltd., Bombay Stock Exchange Limited-INZ000222633, Central Depository Services (India) Limited- INDPCDSL-445-2008 )**

**We are offering following services with 20+ franchises across the country.**

**Instant Online account opening** | **Equity & Mutual funds** | **IPOs & Bonds**

**Online Mobile and Desktop Applications**

*Shree Kanha Stock-Broking Pvt. Ltd.*

**MEMBER :**
**NATIONAL STOCK EXCHANGE OF INDIA LTD. I BOMBAY STOCK EXCHANGE OF INDIA LTD.**
**CENTRAL DEPOSITORY SERVICES (INDIA) LIMITED**

Regd. Office : 406, Shail Building, Opp, Navrangpura Tel. Exchange, Near Madhusudan House, Ahmedabad-380 009. M.: 9875088394, 6354918428, 9824010617
SEBI REGISTRATION NUMBER NSE/BSE: INZ000222633-CDSL-IN-DP-CDSL-445-2008.
Broker member code : NSE : 12162 BSE : 6382

**"Investments in securities market are subject to market risks, read all the related documents carefully before investing"**
**Account will be open after completion of all procedure related to IPV and client due diligence.**

# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ પ્રેરિત ગ્લોબલ દિશાવાળ ફેમિલી દ્વારા અમલી યોજનાઓ

## ૧. (મુખ્ય દાતાશ્રી નામ) વડીલ વંદના યોજના

**લાભાર્થી**

દિશાવાળ સમાજ ઉપરાંત અન્ય સમાજના, 60,000 સુધીની વાર્ષિક આવક ધરાવતા એકલા રહેતા અપરિણીત, તરછોડાયેલા, વિધવા કે વિધુર સિનિયર સિટીઝન (70 વર્ષથી વધુ)ને યોજનાના લાભાર્થી તરીકે પ્રથમ પ્રાધાન્ય.

**સહાય**

* જરૂરિયાતમંદ સિનિયર સિટીઝન ઘરડાઘર (સિનિયર સિટીઝન હોમ) જેવી સંસ્થામાં રહેતા હોય અથવા રહેવા માટે તૈયાર હોય તેમને સહાય..
* પોતાની ₹ 1,80,000 થી ઓછી કુલ વાર્ષિક આવક ધરાવનાર સિનિયર સિટીઝનને વાર્ષિક મેડિકલ ચેકઅપ માટે ટેસ્ટિંગ લેબના બિલની મર્યાદામાં સહાય..
* આજીવન દવાની આવશ્યકતા વાળા સિનિયર સિટીઝનને, ડોક્ટર દ્વારા સૂચિત દવાઓના ખર્ચમાં સહાય..(સંસ્થા દ્વારા સૂચિત મેડિકલ સ્ટોર્સમાંથી દવા લેવાની રહેશે)..
* ઓપરેશનની આવશ્યકતા હોય તેવા સીનીયર સીટીઝનને, ડોક્ટર દ્વારા સૂચિત ઓપરેશન ખર્ચમાં મર્યાદામાં એક વખત સહાય..(સહાયની રકમ ચેક દ્વારા અથવા બેંક ખાતામાં ડાયરેક્ટ જમા આપવામાં આવશે).

**ફોર્મ સાથે આપવાના જરૂરી પુરાવા**

* પૂરેપૂરી વિગતો સાથે માત્ર પોતાની ઓળખાણ માટે પોતાના જ્ઞાતિ ઘટકના પ્રમુખશ્રી / મંત્રીશ્રી જેવાં હોદ્દેદારો / ટ્રસ્ટીશ્રીઓ પૈકી કોઈ બે મહાનુભાવોનાં નામ, હોદ્દો અને મોબાઈલ નંબર.
* લાભાર્થીનો એક ફોટોગ્રાફ.
* આધારકાર્ડની નકલ.
* આયુષ્યમાન કાર્ડની નકલ (ઓપરેશનની આવશ્યકતા વાળા દર્દી 'પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ' ધરાવતા હોવા આવશ્યક છે).
* બેંક ખાતાના ચેકની નકલ.
* લાભાર્થીના નામના ડોક્ટરના તાજેતરના કેસ પેપર્સની નકલ.
* દવાના બિલની કોપી.
* ભરેલ રકમની પાવતી.
* અન્ય સંસ્થા/યોજના હેઠળ મળતી સહાયની વિગત.

## ૨. શ્રીમતી સરલાબેન અરવિંદભાઈ શાહ પરિવાર : મહિલા સ્વાવલંબન યોજના

**લાભાર્થી**

દિશાવાળ સમાજ ઉપરાંત અન્ય સમાજની સ્વનિર્ભર થવા ઈચ્છુક જરૂરિયાત મંદ બહેનોને યોજનાના લાભાર્થી તરીકે પ્રાધાન્ય..

**સહાય**

* સમગ્ર પરિવારની ₹ 2,25,000 થી ઓછી કુલ વાર્ષિક આવક ધરાવતા પરિવારની બહેનોને ભોજનની ટિફિન સર્વિસ, ઘરના નાસ્તા બનાવવા, કેટરિંગ કામકાજ, બાળકો વડીલોની સંભાળની કામગીરી (કેરટેકિંગ હોમ), બ્યુટી પાર્લર, ટ્યુશન સર્વિસ, સિલાઈ કામકાજ, એકાઉન્ટિંગ ડેટા એન્ટ્રી ઓપરેટિંગ કામકાજ, જેવી વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે આર્થિક સહાય ઉપરાંત ટેકનિકલ માર્ગદર્શન અને માર્કેટિંગ માટે માર્ગદર્શન..
* લાભાર્થી બહેનોને સાધન સામગ્રીની ખરીદીમાં સહાય.(સહાયની રકમ ચેક દ્વારા અથવા બેંક ખાતામાં ડાયરેક્ટ જમા આપવામાં આવશે).

**ફોર્મ સાથે આપવાના જરૂરી પુરાવા**

* પૂરેપૂરી વિગતો સાથે માત્ર પોતાની ઓળખાણ માટે પોતાના જ્ઞાતિ ઘટકના પ્રમુખશ્રી / મંત્રીશ્રી જેવાં હોદ્દેદારો / ટ્રસ્ટીશ્રીઓ પૈકી કોઈ બે મહાનુભાવોનાં નામ, હોદ્દો અને મોબાઈલ નંબર..
* લાભાર્થી બહેનનો એક ફોટોગ્રાફ..
* આધારકાર્ડની નકલ..
* બેંક ખાતાના ચેકની નકલ..
* પરિવારનાં તમામ સભ્યોનાં નામ સાથેની રેશનકાર્ડની નકલ..
* અન્ય સંસ્થા/યોજના હેઠળ મળતી સહાયની વિગત.

## ૩. શ્રીમતી શાંતાગૌરી રસીકલાલ શાહ (રંગવાળા) : શૈક્ષણિક સહાય યોજના

**લાભાર્થી**

દિશાવાળ સમાજ ઉપરાંત અન્ય સમાજના ઉચ્ચતર અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વિદ્યાર્થી ભાઈ બહેનોને યોજનાના લાભાર્થી તરીકે પ્રથમ પ્રાધાન્ય..

**સહાય**

* ઉચ્ચતર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ફી અને પુસ્તકોના ખર્ચમાં યોગ્ય સહાય..
* ધોરણ 12 અને કોલેજ પછી ITI ઉપરાંત CS, CA, CAT, NEET, GRE, GMAT, TOFEL જેવાં ઉચ્ચ કારકિર્દી માટેનાં પ્રોફેશનલ કોર્સની ફીમાં પરિવારની આવકના આધારે યોગ્ય સહાય..
* ₹ 6,00,000 સુધીની પરિવારની કુલ વાર્ષિક આવક ધરાવનાર વિદ્યાર્થીઓને ભરવાની ફીમાં સહાય..(સહાયની રકમ વર્ષમાં બે હપ્તામાં વહેંચીને ચેક દ્વારા અથવા બેંક ખાતા ડાયરેક્ટ જમા આપવામાં આવશે).

**ફોર્મ સાથે આપવાના જરૂરી પુરાવા**

* પૂરેપૂરી વિગતો સાથે માત્ર પોતાની ઓળખાણ માટે પોતાના જ્ઞાતિ ઘટકના પ્રમુખશ્રી / મંત્રીશ્રી જેવાં હોદ્દેદારો / ટ્રસ્ટીશ્રીઓ પૈકી કોઈ બે મહાનુભાવોનાં નામ, હોદ્દો અને મોબાઈલ નંબર.
* લાભાર્થીનો એક ફોટોગ્રાફ.
* આધારકાર્ડની નકલ.
* બેંક ખાતાના ચેકની નકલ.
* પરિવારની આવકની વિગત.
* અન્ય સંસ્થા/યોજના હેઠળ મળતી સહાયની વિગત.

## ૪. શ્રીમતી રેણુકાબેન જગદીશભાઈ પરીખ પરિવાર : મેડિકલ સહાય યોજના

**લાભાર્થી**

સમગ્ર પરિવારની ₹ 3,00,000 થી ઓછી કુલ વાર્ષિક આવક ધરાવતા જરૂરિયાત મંદ પરિવારને યોજનાના લાભાર્થી તરીકે પ્રાધાન્ય.

**સહાય**

* આજીવન દવાની આવશ્યકતા વાળાં દર્દીઓને ડોક્ટર દ્વારા સૂચિત દવાઓના ખર્ચમાં સહાય..
* ઓપરેશનની આવશ્યકતા હોય તેવાં દર્દીઓને, ડોક્ટર દ્વારા સૂચિત ઓપરેશન ખર્ચમાં સહાય..(સહાયની રકમ ચેક દ્વારા અથવા બેંક ખાતામાં ડાયરેક્ટ જમા આપવામાં આવશે).

**ફોર્મ સાથે આપવાના જરૂરી પુરાવા**

* પૂરેપૂરી વિગતો સાથે માત્ર પોતાની ઓળખાણ માટે પોતાના જ્ઞાતિ ઘટકના પ્રમુખશ્રી / મંત્રીશ્રી જેવાં હોદ્દેદારો / ટ્રસ્ટીશ્રીઓ પૈકી કોઈ બે મહાનુભાવોનાં નામ, હોદ્દો અને મોબાઈલ નંબર..
* લાભાર્થીનો એક ફોટોગ્રાફ..
* આધારકાર્ડની નકલ..
* આયુષ્યમાન કાર્ડની નકલ (ઓપરેશનની આવશ્યકતા વાળા દર્દી 'પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ' ધરાવતા હોવા આવશ્યક છે)...
* બેંક ખાતાના ચેકની નકલ..
* લાભાર્થીના નામના ડોક્ટરના તાજેતરના કેસ પેપર્સની નકલ..
* અન્ય સંસ્થા/યોજના હેઠળ મળતી સહાયની વિગત.

## ૫. (મુખ્ય દાતાશ્રી નામ) આર્થિક સહાય યોજના

| લાભાર્થી | સહાય | ફોર્મ સાથે આપવાના જરૂરી પુરાવા |
|---|---|---|
| દિશાવાળ સમાજ ઉપરાંત અન્ય સમાજના એકલા રહેતા જરૂરિયાતમંદ, તિરસ્કૃત, અપરિણીત, વિધવા, કે વિધુરને યોજનાના લાભાર્થી તરીકે પ્રથમ પ્રાધાન્ય.. | ₹ 1,50,000 થી ઓછી કુલ વાર્ષિક ધરાવતા દિશાવાળ સમાજ ઉપરાંત અન્ય સમાજના આર્થિક રીતે જરૂરિયાત મંદ ભાઈ બહેનો /પરિવારને સહાય..(સહાયની રકમ વર્ષમાં બે હપ્તામાં વહેંચીને ચેક દ્વારા અથવા બેંક ખાતામાં ડાયરેક્ટ જમા આપવામાં આવશે). | * પૂરેપૂરી વિગતો સાથે માત્ર પોતાની ઓળખાણ માટે પોતાના જ્ઞાતિ ઘટકના પ્રમુખશ્રી / મંત્રીશ્રી જેવાં હોદ્દેદારો / ટ્રસ્ટીશ્રીઓ પૈકી કોઈ બે મહાનુભાવોનાં નામ, હોદ્દો અને મોબાઈલ નંબર.<br>* પરિવારના મુખ્ય વ્યક્તિનો એક ફોટોગ્રાફ.<br>* આધારકાર્ડની નકલ.<br>* બેંક ખાતાના ચેકની નકલ.<br>* પરિવારનાં તમામ સભ્યોનાં નામ સાથેની રેશનકાર્ડની નકલ.<br>* અન્ય સંસ્થા/યોજના હેઠળ મળતી સહાયની વિગત. |

**ખાસ નોંધ : ઉપરોક્ત પાંચ સ્કીમમાં લાભ લેવા માટેના ફોર્મ અલગથી સરક્યુલેટ કરવામાં આવશે.**



**શ્રી સિદ્ધાર્થભાઈ અરવિંદભાઈ શાહ**
**કન્વીનર શ્રી**

શ્રી સિધ્ધાર્થ ભાઈ અરવિંદભાઈ શાહ 40થી વધુ વર્ષથી વ્યવસ્થાપન ક્ષેત્રે ઉચ્ચ કક્ષાની કામગીરી સાથે સંકળાયેલા છે. સરકારી વિભાગો અને તેને આનુષંગિક કાયદા, ઔદ્યોગિક એકમોનું નાણાકીય વ્યવસ્થાપન અને વિવિધ રોકાણો, જેવી અનેકવિધ પ્રવૃત્તિઓને કુશળતા પૂર્વક સફળતા સુધી લઈ જવાની કુનેહની સાથે સાથે સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવનાનાં સંસ્કારનો વારસો આગળ ધપાવવા કટિબદ્ધ એવા શ્રી સિધ્ધાર્થ ભાઈ અરવિંદભાઈ શાહની, ગ્લોબલ દિશાવાળ ફેમિલીની પાંચેય યોજનાઓના કન્વીનર તરીકે વરણી કરવામાં આવી છે



**'દિશાવાળ ગૌરવ' શ્રી શૈલેષભાઈ ચીમનલાલ શાહ**
**સહ કન્વીનર શ્રી**

સિદ્ધામ્બિકા દિશાવાળ સંઘ, ડીસા અને નવગામ સમાજમાં વિવિધ લોકહિત પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે જોડાયેલા શ્રી શૈલેષભાઈ શાહ, નવગામ સમાજ અને સિદ્ધામ્બિકા દિશાવાળ સંઘનું ટ્રસ્ટીપદ શોભાવી રહ્યા છે. શૈલેષભાઈ દ્વારા સમાજના હિતની તમામ યોજનાઓની પરિકલ્પના, આયોજન અને અમલ સચોટ રીતે કરવામાં આવે છે અને તેની ચોકસાઈ પૂર્વક દેખરેખ પણ રાખવામાં આવે છે. તેઓ આ પ્રકારની ઘણી બધી સંસ્થાઓ સાથે વિવિધ પ્રવૃત્તિઓના અમલીકરણમાં એક અદના કાર્યકર તરીકે સંકળાયેલા છે. આવા ઉમદા હેતુમાં તેમના બહોળા અનુભવને જોતાં, પાંચેય યોજનાઓ માટે તેમની સહ-કન્વીનર તરીકે વરણી કરવામાં આવી છે

## ગ્લોબલ દિશાવાળ ફેમિલી સભ્યપદ માટે QR CODE

ગ્લોબલ દિશાવાળ ફેમિલી અંતર્ગત પાંચ પૈકી કોઈપણ સ્કીમનો લાભ મેળવવા, ગ્લોબલના સભ્ય થવું જરૂરી છે. ગ્લોબલનું સભ્યપદ તદ્દન ફ્રી છે. આ સાથે મુકેલ **QR CODE** દ્વારા સભ્ય થવા માટેનું ફોર્મ ભરી શકાશે. વધુને વધુ દિશાવાળ ભાઈ બહેનો ગ્લોબલ ફેમિલીના સભ્ય બને અને દિશાવાળ સમાજને મજબૂત બનાવે તેવી આશા.



લાકડા ઘાણીનું
શુદ્ધ સાત્વિક તેલ
WOOD PRESSED OIL
BEST QUALITY
THE GOLDEN SECRET™
24 Carat Oils
0%
ADULTERATION
CHOLESTROL
TRANSFAT
CHEMICAL
100%
UNREFINED
PURE
NATURAL
સિંગ તેલ
Groundnut Oil
સનફ્લાવર તેલ
Sunflower Oil
સફેદ તલનું તેલ
White Til Oil
સરસવનું તેલ
Yellow Mustard Oil
નાળિયેર તેલ
Coconut Oil
કેલિફોર્નિયા બદામ તેલ
California Almond Oil
અખરોટનું તેલ
Walnut Oil
કાળા તલનું તેલ
Black Til Oil
અળસીનું તેલ
Flax Seed Oil
કલોન્જી
Onion Black Seed Oil
લાઈવ તેલ નિકાળવામાં આવે છે.
fssai
20721037004807
Available in 1Litre / 5Litre / 15Litre
Oil Extracted @ Room Temperature
thegoldensecretoils
Ojas Foods
Ahmedabad (India)
FOR ORDER:
878 049 8184
FREE DELIVERY
*T&C

# આર્થિક સહયોગ માટે દાતાશ્રીઓનો આભાર...

પોતાના માટે વપરાય તે પૈસો..
પરિવાર, સ્વજન અને મિત્રો માટે વપરાય તે ધન.. પણ સમાજ માટે વપરાય તે લક્ષ્મી..
ગ્લોબલ દિશાવાળ ફેમિલી દ્વારા અમલમાં મૂકવામાં આવેલી તમામ યોજનાઓ માટે દાતાશ્રીઓનો સ્વૈચ્છિક દાન પ્રવાહ શરૂ થઈ ચૂક્યો છે.



**શ્રીમતી સરલાબેન અરવિંદભાઈ શાહ**
વર્ષો સુધી શ્રી અમદાવાદ દિશાવાળ સમાજની મહિલા પાંખના પ્રમુખ તરીકે ખૂબ જ સક્રિય કામગીરી કરનાર, નાની ઊંમરે પતિની છત્રછાયા ગુમાવવા છતાં આપબળે સંતાનોને ઉછેરી, શ્રેષ્ઠ શિક્ષણ આપીને આગવી ઓળખ આપનાર, સૌને મદદરૂપ થવા સદાય તત્પર, મહિલા સ્વાવલંબનની દિશામાં દૂરંદેશી પ્રવૃત્તિઓ કરી અનોખો ચીલો ચાતરીને સફળતા મેળવનાર મૃદુભાષી, પરોપકારી એવાં શ્રીમતી સરલાબેન અરવિંદભાઈ શાહ તરફથી રૂપિયા ૩૧,૦૦,૦૦૦/ના આર્થિક સહયોગ બદલ ખૂબ ખૂબ આભાર.



**શ્રી સૌરીનભાઈ પરીખ**
દિશાવાળ રત્ન, શ્રી કડી દશા દિશાવાળ ઉત્કર્ષ મંડળના પ્રમુખ, પશુપતિ ગ્રૃપ ઑફ કંપનીઝ ના ફાઉન્ડર, પ્રમોટર અને અનેક વ્યાપારી/ સેવાકીય સંસ્થાઓમાં તેમની દીર્ઘદ્રષ્ટિ, પરોપકારી ભાવના અને સમાજસેવાની ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓ થકી ઉચ્ચ સ્થાન શોભાવનાર, સ્વભાવે વિચક્ષણ, મીતભાષી, સંગઠનની ભાવનાને સદાય પ્રાથમિકતા આપી ખૂબ નાની ઊમરે સફળતાનાં શિખરો સર કરનાર શ્રી સૌરીનભાઈ જગદીશભાઈ પરીખ તરફથી તેમના માતૃશ્રી શ્રીમતી રેણુકાબેન જગદીશભાઈ પરીખ પરિવારના નામે રૂપિયા ૩૧,૦૦,૦૦૦/ ના આર્થિક સહયોગ બદલ ખૂબ ખૂબ આભાર.



**શ્રી સુભાષભાઈ રસિકલાલ શાહ(રંગવાળા)**
શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના સ્થાપક, પ્રમુખ દિશાવાળ રત્ન સ્વ. શ્રી રસિકલાલ નાથાલાલ રંગવાળા અને સ્વ. શાંતાબેન નાં ધાર્મિક સંસ્કારો ની ધરોહરનું સુપેરે જતન કરનારા, સ્વભાવે શાંત, ધીરગંભીર અને નિષ્કામ કર્મયોગી, કેળવણી ક્ષેત્રે માતબર અનુદાન આપનાર, ગાંધીવાદી વિચારધારા સાથે સાદગીપૂર્ણ જીવન સાથે અખંડ સેવાયજ્ઞને જીવનમંત્ર બનાવનાર શ્રી સુભાષભાઈ રસિકલાલ શાહ (રંગવાળા)અને શ્રીમતી સાધના બેન સુભાષભાઈ શાહ તરફથી તેમના માતૃશ્રી શ્રીમતી શાંતાગૌરી રસીકલાલ શાહ (રંગવાળા) ના નામે રૂપિયા ૩૧,૦૦,૦૦૦/ ના આર્થિક સહયોગ બદલ ખૂબ ખૂબ આભાર.



**શ્રી દેવાંગભાઈ પ્રવીણચંદ્ર દેસાઈ**
શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના પૂર્વ પ્રમુખ, 'દિશાવાળ રત્ન' શ્રી પ્રવિણચંદ્ર દેસાઈના પુત્ર, હાલના શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના પ્રમુખ, સમાજ માટે નિસ્વાર્થ ભાવે સેવા આપનાર, સફળ વ્યવસાયી અને 'ગ્લોબલ દિશાવાળ ફેમિલી' ના કોન્સેપ્ટ થકી સમસ્ત વિશ્વનાં દિશાવાળ પરિવારોને એક છત્ર હેઠળ લાવવા અવિરતપણે પ્રવૃત્તિશીલ રહેનાર શ્રી દેવાંગભાઈ પ્રવીણચંદ્ર દેસાઈ તેમના પિતાશ્રી પ્રવિણચંન્દ્ર રણછોડલાલ દેસાઈ ના નામે રૂપિયા ૫,૦૦,૦૦૦/ના આર્થિક સહયોગ બદલ ખૂબ ખૂબ આભાર.

આપશ્રીનો સહયોગ અને સેવાભાવના અમારા સૌના હૃદયમાં પ્રેરણાદાયી સ્રોત પૂરો પાડશે તથા ઉત્કર્ષની ઉર્જા અર્પણ કરશે. આપશ્રીના દાનનો ઉપયોગ દિશાવાળ પરિવારોનાં હિતાર્થે સર્વાંગી વિકાસમાં જ કરી આપના શુભાશયને પરિપૂર્ણ કરવા કટિબદ્ધ રહીશું.

**સમસ્ત દિશાવાળ પરિવારોને નમ્ર અપીલ...**
કુળદેવી શ્રી સિધ્ધામ્બિકા માતાજીની પરમ કૃપાથી અને શ્રીજીબાવાના આશીર્વાદથી, વસુધૈવ દિશાવાળ કુટુંબકમની ભાવના સાથે, શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ પ્રેરિત ગ્લોબલ દિશાવાળ ફેમિલી નવી ક્ષિતિજો તરફ પ્રયાણ કરી રહ્યું છે. તારીખ ૭ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ આપણે સમસ્ત દિશાવાળ પરિવારોનાં હિતાર્થે

૧. વડીલ વંદના
૨. શૈક્ષણિક સહાય
૩. આર્થિક સહાય
૪. મેડિકલ સહાય અને
૫. મહિલા સ્વાવલંબન

યોજનાઓનું લોકાર્પણ કર્યું હતું, જેને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. આ યોજનાઓને સાકાર કરવા અને ગ્લોબલ દિશાવાળ ફેમિલીની ચેતનાને નવી ઊર્જા પૂરી પાડવા દાતાશ્રીઓને નમ્ર અરજ...
યોજનાઓ માટે:
₹31,00,000 કે તેથી વધુ રકમ ભેટ આપનાર યોજનાના મુખ્ય દાતાશ્રી (૧ દાતાશ્રી ) ગણાશે.
₹15,00,000 કે તેથી વધુ રકમ ભેટ આપનાર યોજનાના સહદાતાશ્રી (કુલ પાંચ દાતાશ્રી) ગણાશે. આ યોજના મુખ્ય દાતાશ્રીના નામ સાથે ગણાશે.
₹5,00,000 કે તેથી વધુ રકમ ભેટ આપનાર યોજનાનાં વિશિષ્ટ દાતાશ્રી ગણાશે.
**આ ઉપરાંત, ₹ 10,000 કે તેના ગુણાંકની રકમનું અનુદાન આપનાર દાતાશ્રી, લાભાર્થી દાતાશ્રી ગણાશે. આ સહાય માટે સૌને ખાસ અપીલ છે.**
આપનું નાનકડું યોગદાન સમાજના ઉત્કર્ષ માટે ખૂબ મહત્વપૂર્ણ બની શકે છે.
યોજનાની વિગતો તથા દાન માટે આપના ઘટક પ્રમુખ શ્રી અથવા હોદ્દેદારોનો સંપર્ક કરશો.
સૌને જયશ્રીકૃષ્ણ.
**દેવાંગ દેસાઈ- પ્રમુખ**
**દીપક શાહ- મંત્રી**

## Dr. Janki Parikh

PH.D ( Nutrition)

Dietician and Nutrition Consultant



@

**Dr. Bhimani's Health and Happiness Clinic**
**Sadvichar Pariwar**

**Diet Plans Customised For :**

- Weight Loss,
- Therapeutic Diet For Lifestyle Diseases, Deficiency And Menopause Problems

**Expertise And Interest In :**

- Nutrition Awareness Seminars
- Corporate Nutrition
- Diet Plan For School Lunch Or Snack
- Various Titles On Food And Nutrition ( Books Available In Stores)
- Articles In 'Suvichar' Magazine By Sadvichar Pariwar

+91 94264 08847 450, Abhishree. 4th floor, Opp. Star Bazaar, satellite

35th ANNIVERSARY

Flowrise®

# WHERE QUALITY MATTERS THE MOST

